પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૭ | ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૮, મંગળવાર ; ફાગણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

પ્રશાંત કિશોર ફરી ભાજપના પ્રચાર કાર્યને સંભાળશે

ચૂંટણીના ચાણક્ય મનાતા પ્રશાંત કિશોર ફરી એકવાર ભાજપ સાથે જોડાઈ શકે છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર પ્રશાંત કિશોર ૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના પ્રચાર કાર્યને સંભાળી શકે છે.

ઝારખંડમાં ચાર નક્સલીઓના મોત

ઝારખંડના પલામૂ જિલ્લામાં સુરક્ષા બળો સાથે થયેલી ઝપાઝપીમાં બે મહિલાઓ સહિત ચાર નક્સલીઓના મૃત્યુ નીપજ્યા છે. તેમની પાસેથી બે સેલ્ફ લોડિંગ રાયફલ, પાંચ મેગેઝીન અને ૨૧૯ કારતૂસ મળી આવ્યા છે.

આઈએસમાં સામેલ થનારી ૧૬ મહિલાઓને ફાંસી

ઈરાકની એક અદાલતે આઈએસમાં સામેલ થનારી ૧૬ તુર્કી મહિલાઓને ફાંસીની સજા ફરમાવી છે. આ મહિલાઓ ઈરાકમાં આઈએસનુ પતન શરૂ થયા બાદ ગત વર્ષે ઓગષ્ટમાં પકડાઈ હતી.

હિઝબુલના આતંકી ચોપાનનુ મૃત્યુ

જમ્મુ-કાશ્મીરના પુલવામાં પોલીસ સ્ટેશન પર આતંકવાદીઓએ ગ્રેનેડથી હુમલો કર્યો હતો. આ હુમલાના જવાબમાં કરવામાં આવેલી કાર્યવાહીમાં હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદી મુશ્તાક અહેમદનું મૃત્યુ નીપજ્યુ છે. હુમલામાં એક પોલીસકર્મી પણ ઘાયલ થયો છે.

શ્રીદેવીના મૃત્યુ અંગે નવો વળાંક

બાથટબમાં આકસ્મિક ડુબવાથી શ્રીદેવીનું મૃત્યુ થયાનો ધડાકો : કાર્ડિયેક અરેસ્ટના લીધે મોત ન થયું હોવાનું ઓટોસ્પી રિપોર્ટમાં તારણ : યુએઈમાં આરોગ્ય મંત્રાલય દ્વારા મહાન અભિનેત્રી શ્રીદેવીના મોતને લઇને તપાસ બાદ આખરે ઓટોસ્પી રિપોર્ટ જારી : બાથરુમમાં બેભાન મળી આવી

મુંબઈ,તા. ૨૬

લોકપ્રિય અભિનેત્રી શ્રીદેવીના અવસાનને લઈને નવો ચોંકાવનારો ખુલાસો થયો છે. ફોરેન્સિક રિપોર્ટ અને અન્ય રિપોર્ટમાં હવે દાવો કરવામાં આવ્યો છે કે, શરાબના નશામાં શ્રીદેવી હતી અને બાથ ટબમાં ડુબી જવાથી તેનું મોત થયું હતું. ઓટોસ્પી રિપોર્ટમાં એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે, તેમના હોટલ રુમના બાથટબમાં એક્સીડેન્ટલ ડ્રાઉની અથવા તો આકસ્મિકરીતે ડુબવાથી તેમનું મોત થયું છે. કાર્ડિયેક એરેસ્ટના કારણે તેમનું મોત થયું નથી. આરોગ્ય મંત્રાલય યુએઈ દ્વારા આ અંગેનો ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યા બાદ તર્કવિતર્કોનો દોર શરૂ થયો છે. શનિવારે મોડી રાત્રે જુમેરાહ અમીરાત ટાવરની હોટલમાં પોતાના રુમના બાથરુમમાં બેભાન હાલતમાં શ્રીદેવી મળી હતી અને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા બાદ તેને મૃત

● અનુસંધાન પાન-૭ પર

...ને ૧૫ મિનિટ સુધી બહાર ન આવતાં બોનીએ દરવાજો તોડ્યો

બોલિવુડની ચાંદની એટલે કે શ્રીદેવી શનિવાર રાત્રે અચાનક જ આ ફાની દુનિયાને અલવિદા કરીને જતી રહી. શ્રીદેવીનું અચાનક જ નિધન થતાં તમામ લોકોને આઘાત લાગ્યો છે. શ્રીદેવી પોતાના સંબંધીના લગ્નમાં સામેલ થવા પરિવાર સાથે દુબઈ ગઈ હતી. લગ્ન સમારંભમાં હાજરી આપ્યા હતા પરિવારના કેટલાંક સભ્યો પાછા આવ્યા હતા. ખુદ શ્રીદેવીના પતિ બોની કપૂર પણ મુંબઈ પાછા આવી ગયા હતા. પરંતુ શનિવારના રોજ શ્રીદેવી માટે એક મોટી સરપ્રાઈઝ લઈ ફરીથી દુબઈ પહોંચ્યા હતા.

અનિલ કપૂરના આવાસ પર બોલિવુડ હસ્તીઓ એકત્રિત

શ્રીદેવીને શ્રદ્ધાંજલિ આપવાનો સિલસિલો જારી : ફરાહ ખાન, સ્વરા, અરુણા ઇરાની, કરણ જોહર, શબાના સહિતની હસ્તી પહોંચી : પવનહંસ સ્મશાન ગૃહમાં તૈયારી

મુંબઈ,તા. ૨૬

શ્રીદેવીના પાર્થિવ શરીરને લાવવા માટેની તમામ તૈયારી કરવામાં આવી રહી છે. બોલીવુડની હસ્તી શ્રીદેવીના દિયર અને બોલીવુડના લોકપ્રિય અભિનેતા અનિલ કપૂરના વિલેપાર્લે આવાસ ઉપર પહોંચી ગઈ છે. અનિલ કપૂરના આવાસ પર પહોંચનાર કલાકારોમાં તમામ મોટા સ્ટારનો સમાવેશ થાય છે. અહીં ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી ચુકી છે. બોનીકપૂરના પુત્ર અર્જુન કપૂર પણ ફિલ્મના શૂટિંગને છોડીને અનિલ કપૂરના આવાસે પહોંચી ગયો છે. ફિલ્મ નિર્માતા કરણ જોહર અને ફેશન ડિઝાઈનર મનિષ મલ્હોત્રા પણ તેમના આવાસ પર પહોંચી ગયા હતા. જે કાર્યક્રમમાં હિસ્સો લેવા માટે શ્રીદેવી દુબઈ પહોંચ્યા હતા ત્યાં મનિષ પણ ઉપસ્થિત હતા. મનિષે લગ્નના ફોટા પણ શેયર

● અનુસંધાન પાન-૭ પર

કાશ્મીરમાં મોટા હુમલાની દહેશત

૪૦ ત્રાસવાદીઓ સક્રિય : ખીણમાં સક્રિય થયેલા ત્રાસવાદીઓ પર હુમલા કરવા દબાણ : પુલવામા જિલ્લામાં મહિલાના વેશમાં આવેલા એક આતંકવાદીએ પોલીસ કોન્સ્ટેબલ ઉપર ગ્રેનેડથી હુમલો કર્યો પરંતુ પોતાનું મોત

શ્રીનગર, તા. ૨૬

જમ્મુ કાશ્મીરમાં મોટા હુમલા થવાનો ખતરો તોળાઈ રહ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કાશ્મીર ખીણમાં હજુ પણ ૩૦થી ૪૦ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. આ ત્રાસવાદીઓ હુમલાની રાહ જોઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ ખીણમાં ૩૦થી ૪૦ ત્રાસવાદીઓ છે તેમાં વિદેશી ત્રાસવાદીઓનો પણ સમાવેશ થાય છે. આ ત્રાસવાદીઓ લીપા ખીણ, મંડલ, રામપુર અને અન્ય જગ્યાઓ ઉપર છુપાયેલા છે. તેમણે કહ્યું છે કે, પાકિસ્તાનમાં જ્યારે પણ દબાણ આવે છે ત્યારે આ ત્રાસવાદીઓને હુમલા કરવા માટે કહી દેવામાં આવે છે. અંકુશરેખા ઉપર તથા આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ગોળીબાર મારફતે ત્રાસવાદીઓને ઘુસાડવાના પ્રયાસો સતત કરવામાં આવે છે. કુપવારા, તંગધારમાં પણ મોટી સંખ્યામાં આતંકવાદીઓ છુપાયેલા છે. રવિવારના દિવસે પણ ત્રાસવાદીઓ દ્વારા બે જુદા જુદા હુમલા કરવામાં આવ્યા છે જેમાં બે પોલીસ જવાન શહીદ થયા હતા. પ્રથમ ઘટનામાં ત્રાસવાદીઓએ ચરારેશરીફ દરગાહ નજીક પોલીસ ચોકી ઉપર હુમલો કર્યો હતો જ્યારે બીજી ઘટનામાં હુર્રિયત નેતાના આવાસની બહાર હુમલો કરવામાં આવ્યો હતો. ત્રાસવાદીઓએ બડગામ જિલ્લાના ચરારેશરીફમાં સુફી શેખ નુરુદ્દીન નુરાનીની દરગાહ નજીક પોલીસ ચોકીને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

મુઝફ્ફરપુરમાં એસયુવી કારની ટક્કરથી નવ બાળકોના કરૂણ મોત

પટણા,તા. ૨૬

મુઝફ્ફરપુરમાં નવ સ્કુલી બાળકોને ઝડપથી પસાર થતી એક એસયુવી ગાડીએ અડફેટે લઈ લેતા તેમના મોત થયા છે. આ ઘટનાથી ભારે સનસનાટી મચી ગઈ છે. આ મામલામાં પોલીસ દ્વારા ઉંડી તપાસ પણ હાથ ધરવામાં આવી ચુકી છે. સીતામઢી જિલ્લાના ભાજપના નેતા મનોજ બેઠા આ ગાડીને ચલાવી રહ્યા હતા. પોલીસ અધિકારી સોનાપ્રસાદ સિંહે કહ્યું છે કે, આ દુર્ઘટનામાં નવ બાળકોના મોત થઈ ગયા છે અને અન્ય કેટલાક બાળકો ઘાયલ થયા છે. પોલીસે ભોગ બનેલા બાળકો પૈકીના એક બાળકના પિતાની ફરિયાદના આધાર પર બેઠા સામે એફઆઈઆર દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. ભાજપના નેતા મનોજ બૈથાની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે. અકસ્માત સર્જ્યા બાદ ભાજપના આ નેતા ફરાર થઈ ગયા હતા. તેમના સંદર્ભમાં હજુ સુધી કોઈ માહિતી મળી નથી પરંતુ પોલીસે ઉંડી શોધખોળ હાથ ધરી છે. આરજેડીના નેતા તેજસ્વી યાદવે કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

મેઘાલય-નાગાલેન્ડમાં આજે મતદાન

બંને રાજ્યોમાં વિધાનસભાની ૫૯-૫૯ બેઠકો રહેલી છે : મેઘાલયમાં ૧૮.૪ લાખ તેમજ નાગાલેન્ડમાં ૧૧૮૯૨૬૪ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા સજ્જ : શાંતિપૂર્ણ મતદાન માટે તમામ પગલા

શિલોંગ,કોહીમા,તા. ૨૬

નાગાલેન્ડ અને મેઘાલયમાં વિધાનસભાની ચૂટણી માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. આ બન્ને રાજ્યોમાં આવતીકાલે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાન યોજાનાર છે. બન્ને રાજ્યોમાં ઉંચા મતદાનની શક્યતા દેખાઈ રહી છે. ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પોતાની તાકાતને વધારી દેવા માટે આ વખતે ભાજપે તમામ તાકાત લગાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ જોરદાર પ્રચાર કરી ચુક્યા છે. બન્ને રાજ્યોમાં ચૂંટણીને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. નાગાલેન્ડમાં આવતીકાલે મતદાન યોજાનાર છે. રાજ્યમાં ૧૯૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહેલા છે. નાગાલેન્ડમાં જે ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે તે પૈકી અડધાથી વધારે કરોડપતિ છે. નાગા સમસ્યાના ઉકેલ માટે અભિયાનનુ નેતૃત્વ કરી રહેલી કોર કમિટી ઓફ નાગાલેન્ડ હોહોસ એન્ડ સિવિલ ઓર્ગેનાઈઝેશન દ્વારા ચૂંટણીમાં મોટા પાયે હિસ્સો લેવા માટે રાજકીય પક્ષોને અપીલ કરી છે. તમામ રાજકીય પક્ષો દશકો જુની નાગા સમસ્યાને ઉકેલી લેવા માટેની વાત કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર આના માટે એનએસસીએન-આઈએમ અને છ બળવાખોર જુથોના સંગઠન નાગા નેશનલ પોલિટિકલ ગ્રુપ્સ સાથે વાતચીત કરી રહી છે. રાજ્યમાં કુલ મતદારોની સંખ્યા ૧૧૮૯૨૬૪ નોંધાઈ છે. જે પૈકી ૨૫૮૭૬ નવા મતદારો નોંધાયા છે. આ વખતે જે મતદારો છે તેમાં ૬૦૦૫૩૬ પુરૂષ અને ૫૮૮૭૨૮ મહિલા મતદારો છે.

ભાજપ અને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો જંગ

- નાગાલેન્ડ અને મેઘાલયમાં વિધાનસભાની ચૂટણી માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે.
- ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પોતાની તાકાતને વધારી દેવા માટે આ વખતે ભાજપે તમામ તાકાત લગાવી હતી
- નાગાલેન્ડમાં ૧૯૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહેલા છે
- મેઘાલયમાં ૩૭૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે
- નાગાલેન્ડમાં કુલ મતદારોની સંખ્યા ૧૧૮૯૨૬૪ નોંધાઈ છે. જે પૈકી ૨૫૮૭૬ નવા મતદારો નોંધાયા છે. જે મતદારો છે તેમાં ૬૦૦૫૩૬ પુરૂષ અને ૫૮૮૭૨૮ મહિલા મતદારો
- મેઘાલયમાં ૧૮.૪ લાખ મતદારો ૩૦૮૩ મતદાન મથકો ઉપર મતદાન કરવા માટે તૈયાર
- નાગાલેન્ડમાં પણ તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરાઈ
- ભાજપ-કોંગ્રેસ માટે બંને રાજ્યોમાં ચૂંટણી ખુબ મહત્વપૂર્ણ બની
- ભાજપ તરફથી અમિત શાહ, નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી અને અન્યો ચૂંટણી પ્રચાર કરી ચુક્યા છે
- મેઘાલયમાં કોંગ્રેસ માટે ચૂંટણી મહત્વપૂર્ણ છે. અહીં ૧૦ વર્ષથી કોંગ્રેસ સરકારમાં છે
- કોંગ્રેસ માટે રાહુલ ગાંધીની સાથે રણદીપ સુરજેવાલા અને શશી થરુરે પ્રચારમાં ભાગ લીધો હતો
- ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા ઉત્તર પૂર્વની ચૂંટણી મહત્વપૂર્ણ બની છે
- આઠ રાજ્યોમાં ભાજપ તેની સંખ્યા વધારવા માટે ઉત્સુક છે
- આ પ્રદેશમાંથી ભાજપ પાસે હાલ આઠ લોકસભા સભ્યો અને કોંગ્રેસ પાસે સાત સભ્યો છે
- મેઘાલયમાં કોંગ્રેસે ૫૯ અને ભાજપે ૪૭ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે

સેંસેક્સ ૩૦૪ પોઈન્ટ ઉછળીને ૩૪૪૪૬ની ઉંચી સપાટીએ

નિફ્ટી ૯૨ પોઇન્ટ ઉછળીને ૧૦૫૮૩ની ઉંચી સપાટી પર : નિફ્ટી રિયાલીટી ઇન્ડેક્સમાં ત્રણ ટકા સુધીનો ઉછાળો : ઓટો ઇન્ડેક્સમાં બે ટકા સુધી ઉછાળો

મુંબઈ,તા. ૨૬

શેરબજારમાં આજે જોરદાર તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૩૦૪ પોઈન્ટ ઉછળીને ૩૪૪૪૬ની ઉંચી સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૯૨ પોઈન્ટ ઉછળીને ૧૦૫૮૩ની સપાટીએ રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી રિયાલીટી ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ઓબેરોય રિયાલીટીના શેરમાં સૌથી વધુ ઉછાળો રહ્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં બે ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. મારુતિ સુઝુકી ઈન્ડિયા અને તાતા મોટર્સના શેરમાં તેજી જોવા મળી હતી. એશિયન બજારમાં પણ તેજી રહી હતી. ડાઉ જોન્સમાં શુક્રવારના દિવસે ૧.૩૯ ટકાનો ઉછાળો રહ્યો હતો. આવી જ રીતે એસએન્ડપી ૫૦૦માં ૧.૬૦ ટકાનો ઉછાળો રહ્યો હતો. તેમજ નાસ્ડેકમાં ૧.૭૭ ટકાનો સુધારો રહ્યો હતો. શુક્રવારના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન સેંસેક્સમાં ૩૨૩ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૩૪૧૪૨ રહી હતી. જ્યારે નિફ્ટી ૧૦૮ પોઈન્ટ ઉછળીને ૧૦૪૯૧ની સપાટી પર રહ્યો હતો. ૫૦ નિફ્ટી શેરમાં ૪૩માં તેજી રહી હતી.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય